**ક્રિમીનલ અપીલ નંબર– ૯૧/૨૦૨૪**

**<u>મે. મહેસાણના એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રીનાઓની કોર્ટમાં,</u>**

**<u>મુ. વિસનગર</u>**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

**અરજદાર:–** પટેલ પિયુષકુમાર ગોવિંદભાઈ

ઉ. વ. આ. ૪૧, ધંધો– વેપાર, રહે. ઉંઝા, ૧૨/૦૮/૧૨૬, નારાયણનગર, દાસજ રોડ, તા. ઉંઝા, જિ. મહેસાણા.

**વિરુદ્ધ**

**સામાવાળા:– ૧.** શ્રી સરકાર

(નોટીસ પબ્લીક પ્રોસીક્યુશનશ્રીને બજવવી)

**૨.** રાજપુત બળવંતસિંહ ચતુરજી

ઉ. વ. આ. ૪૨, રહે. કામલી, રાજપુતવાસ, તા. ઉંઝા, જિ. મહેસાણા.

**<u>ઠરાવ</u>**

(1) સદર કામે આજરોજ પક્ષકારો તરફેની વિનંતી આધારે સમાધાન માટે રાષ્ટ્રીય લોક અદાલતમાં રજુ રાખેલ છે.

(2) આ કામના અરજદાર/આરોપીની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર વિરુધ્ધ સામાવાળાએ **ઉંઝાના મે. એડીશનલ ચીફ જ્યુડીશીય મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નંબર– ૧૩૯૩/૨૦૧૮** થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રેમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલ અને તે ફરીયાદ **ઉંઝાના મે. એડીશનલ ચીફ જ્યુડીશીય મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં** ચાલી જતા અરજદારને તકસીરવાન ઠરાવી **૧(એક) વર્ષ**ની સાદી કેદની સજા અને ચેકની રકમ રૂપીયા– **૩,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રણ લાખ)** પુરા વળતર તરીકે ફરીયાદીને ચૂકવી આપવાનો હુકમ જે તારીખ **– ૩૦/૦૩/૨૦૨૪** ના રોજ **આંક– ૫૩**

થી કરેલ છે. જે હુકમથી નારાજ થઈ અરજદારે **ક્રિ. પ્રો. કોડ ની કલમ ૩૭૪** મુજબ હાલની અપીલ દાખલ કરેલ છે.

**(3)** સદર કામે અરજદાર/મુળ આરોપી તથા સામાવાળા/મુળ ફરીયાદી તરફે **આંક–૨૮** થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. જે સમાધાન પુરસીસ અત્રેની કોર્ટે દામોદર એસ. પ્રભુ ના કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ ડાયરેકશનનું પાલન કરવાની રેકર્ડ કરેલ છે. વધુમાં અરજદારે/મુળ આરોપીએ એવુ જાહેર કરેલ છે કે, અમો પક્ષકારો વચ્ચે ઘરમેળે સુખદ સમાધાન થઈ ગયેલ છે અને સામાવાળા/મુળ ફરીયાદીને ચેક મુજબની પુરેપુરી રકમ મળી ગયેલ છે જેથી હાલની અપીલ તેઓ આગળ ચલાવવા માંગતા નથી.

**(4)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો મુખ્ય હેતુ આરોપીને સજા કરવાનો નહી, પરંતુ ચેક રીર્ટન થવાના કારણે ચેકના ધારણકર્તાને આર્થિક નુકશાન સહન કરવું ના પડે તે પણ છે. હાલની અપીલના કામે રજુ થયેલ સમાધાન પુરસીસ ધ્યાને લેતા મુળ ફરીયાદીને નામદાર ટ્રાયલ કોર્ટના હુકમ મુજબ ચેકની તમામ રકમ વળતર સ્વરૂપે મળી ગયેલ છે તે જોતા ચેક પરત ફરવાને કારણે ફરીયાદીને જે આર્થિક નુકશાન થયેલ છે તે રકમ અરજદાર/આરોપી પાસેથી વળતર સ્વરૂપે મળી ગયેલ છે.

**(5)** નામદાર સુપ્રીમ કોર્ટે મધ્ય પ્રદેશ સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટી વિરુધ્ધ પ્રતિક જૈન અને બીજા ના કેસના ચુકાદામાં પણ એવો સિધ્ધાંત ઠરાવેલ છે કે જયારે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયેલ હોય અને ફરીયાદીને ચેકની રકમ મળી ગયેલ હોય ત્યારે ખાસ સંજોગોમાં અને કેસની હકીકત ધ્યાને લઈને કોસ્ટની રકમ કોર્ટે ઘટાડવી જોઈએ કે ના પણ લેવી જોઈએ.

**(6)** આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના કામે પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન ધ્યાને લેતા આરોપી સામે થયેલ સજાનો હુકમ રદ કરી ન્યાયના હીતમાં આંક–૧ લગત નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

**1.** અરજદાર/આરોપી એ **ક્રિ. પ્રો. કોડની કલમ–૩૭૪** અન્વયે કરેલી પ્રસ્તુત અપીલ, પક્ષકારો વચ્ચે થયેલ સમાધાનને ધ્યાનમાં લેતા આથી '**મંજુર**' કરવામાં આવે છે.

**2.** પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન ધ્યાને લેતા એવો હુકમ કરવામાં આવે છે કે, **ઉંઝાના મે. એડીશનલ ચીફ જ્યુડીશીય મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં ફોજદારી કેસ નંબર– ૧૩૯૩/૨૦૧૮** ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકની કલમ–૧૩૮ મુજબના કામે તારીખ– **૩૦/૦૩/૨૦૨૪** ના રોજ **આંક–૫૩** થી કરેલ હુકમ આથી રદ કરવામાં આવે છે અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** અરજદાર/આરોપીના જામીન તથા જામીનખત રદ કરવામા આવે છે.

**4.** અરજદાર/આરોપીએ જો કોઈ દંડની રકમ ભરેલ હોય તો તે અરજદાર/આરોપીને પરત ચુકવી આપવી.

**5.** અપીલના કામે અરજદાર/આરોપીને જમા કરાવેલ રકમ અરજદાર/આરોપીને અથવા તે જેને કહે તેને પરત આપવી.

**6.** હુકમની એક નકલ સાથે **ક્રિમીનલ કેસ નંબર– ૧૩૯૩/૨૦૧૮** નું અસલ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ ટ્રાયલ કોર્ટને સત્વરે મોકલી આપવુ.

હુકમ આજ તારીખ–૧૪મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ– ૧૪/૦૩/૨૦૨૬ (નાશીર સૈયદુલ્લા સિદ્દીકી)

વિસનગર એડિશ્નલ સેશન્સ જજ, વિસનગર

(JUDGE CODE GJ00650)